પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ  વર્ષ : ૩૦  અંક : ૦૩  કુલ પાના : ૪  તારીખ : ૨૪-૦૮-૨૦૨૬ સોમવાર  કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રામ મંદિર દાન ચોરી: ટ્રસ્ટ અને બાંધકામ સમિતિ વચ્ચે વધતી જતી ખાઈ, નૃપેન્દ્ર મિશ્રા બે ટ્રસ્ટ બેઠકોથી દૂર રહ્યા છે

અયોધ્યા,

રામ મંદિરમાં દાન ચોરીની ઘટના બાદ, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અને રામ મંદિર બાંધકામ સમિતિ વચ્ચેનો તણાવ હવે ફક્ત ચર્ચાઓ સુધી મર્યાદિત નથી રહ્યો. ટ્રસ્ટ અને સમિતિ વચ્ચે વધતો જતો મતભેદ હવે ઔપચારિક બેઠકોમાં સ્પષ્ટપણે દેખાય છે.



દાન ચોરીની ઘટના પછી યોજાયેલી બે ટ્રસ્ટની બેઠકોમાં બાંધકામ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાની ગેરહાજરી અને જુલાઈમાં અને ૧૯ થી ૨૧ ઓગસ્ટ દરમિયાન અનુક્રમે યોજાયેલી બાંધકામ સમિતિની બેઠકોમાં ટ્રસ્ટના કોઈપણ અધિકારીની ગેરહાજરીથી નવા પ્રશ્નો ઉભા થયા છે.

જ્યારે ટ્રસ્ટના ભૂતપૂર્વ મહાસચિવ ચંપત રાય, ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રા અને બાંધકામ પ્રભારી ગોપાલ રાવ બાંધકામ સમિતિની બેઠકોમાં નિયમિત હાજરી આપતા માનવામાં આવતા હતા, ત્યારે આ પ્રતિનિધિત્વ હવે સંપૂર્ણપણે ગેરહાજર છે. ચંપત રાય અને અનિલ મિશ્રાના રાજીનામા પછી બાંધકામ સમિતિની બેઠકોમાં ટ્રસ્ટના કોઈપણ અધિકારીની ગેરહાજરી પરિસ્થિતિને વધુ જટિલ બનાવે છે.

૬ જૂને દાન ચોરીનો મામલો સામે આવ્યા પછી, નૃપેન્દ્ર મિશ્રાએ જાહેરમાં તીખી પ્રતિક્રિયા આપી હતી. ૧૮ જૂનથી દિલ્હીમાં વિવિધ ટેલિવિઝન ચેનલો સાથેની મુલાકાતોમાં, તેમણે આ ઘટનાને ચોરી નહીં પણ લૂંટ ગણાવી હતી. શરૂઆતમાં તેમણે સ્પષ્ટ વલણ જાળવી રાખ્યું હતું કે તેમની જવાબદારી મંદિરના બાંધકામ સુધી મર્યાદિત છે, પરંતુ તેમણે દાન અને મંદિર વ્યવસ્થા સંબંધિત પ્રશ્નોના પણ તીખા જવાબ આપ્યા હતા.

૨૩ જૂન પછી, તેમણે આ મુદ્દા પર જાહેર નિવેદનો આપવાનું ટાળ્યું. ટ્રસ્ટની પહેલી બેઠક ૬ જુલાઈના રોજ યોજાઈ હતી. નૃપેન્દ્ર મિશ્રા, જેઓ અગાઉની બેઠકોમાં નિયમિતપણે હાજરી આપતા હતા, તેઓ આ બેઠકમાં હાજર રહ્યા ન હતા. ત્યારબાદ, જુલાઈમાં બાંધકામ સમિતિની બેઠકમાં ટ્રસ્ટનો કોઈ અધિકારી હાજર રહ્યો ન હતો. ૧૯ થી ૨૧ ઓગસ્ટ દરમિયાન યોજાયેલી આગામી બેઠકમાં પણ આ જ સ્થિતિ રહી.

ટ્રસ્ટ સાથે જોડાયેલા સૂત્રોનો દાવો છે કે નૃપેન્દ્ર મિશ્રાએ લગભગ છ મહિના પહેલા મંદિરના સંચાલનથી પોતાને દૂર રાખવાનું શરૂ કર્યું હતું. તેમનું ધ્યાન બાંધકામ કાર્ય સુધી મર્યાદિત બન્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ, બાંધકામ અને વ્યવસ્થા સંબંધિત નાના અને મોટા મુદ્દાઓ પર બેઠકોમાં વિગતવાર ચર્ચા કરવામાં આવતી હતી.

રામ મંદિર દાન કૌભાંડ: રામ મંદિર ટ્રસ્ટ અને બાંધકામ સમિતિ વચ્ચે વિસ્તરતો મતભેદો ઉદ્ભવ્યા ત્યારે પણ, અનેક રાઉન્ડની ચર્ચાઓ પછી સર્વસંમતિ સુધી પહોંચવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. એવો દાવો કરવામાં આવે છે કે પાછળથી, નૃપેન્દ્ર મિશ્રાએ વ્યવસ્થા સંબંધિત બાબતોથી પોતાને દૂર રાખવાનું શરૂ કર્યું, તેમને ટ્રસ્ટના અધિકારક્ષેત્ર તરીકે ગણાવ્યા. હવે, આ અંતર ટ્રસ્ટ અને સમિતિ વચ્ચે સંસ્થાકીય તણાવ તરીકે પ્રગટ થઈ રહ્યું છે.પત્ર સામે આવ્યા પછી, ટ્રસ્ટ અને બાંધકામ સમિતિ વચ્ચેના કથિત તિરાડ અંગે ચર્ચાઓ તીવ્ર બની હતી. જોકે, નૃપેન્દ્ર મિશ્રાએ આ પત્રને બનાવટી ગણાવ્યો અને કહ્યું કે તેમણે ક્યારેય આવો પત્ર જોયો નથી.

તેમણે તેને વાતાવરણને ખરાબ કરવાનો પ્રયાસ ગણાવ્યો. તેમણે એમ પણ કહ્યું કે મંદિરના નિર્માણ માટે ભંડોળ ટ્રસ્ટ દ્વારા એકત્ર કરવામાં આવ્યું હતું અને કોઈ સરકારી ભંડોળનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. આ સમગ્ર ઘટનામાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે જો ટ્રસ્ટ અને બાંધકામ સમિતિ વચ્ચે બધું સામાન્ય છે, તો બંને પક્ષો વચ્ચે નિયમિત બેઠકોમાં એકબીજાનું પ્રતિનિધિત્વ કેમ નથી? શું આ ફક્ત અધિકારક્ષેત્રના વિભાજનનો મામલો છે, કે દાન ચોરીની ઘટના પછી અધિકારો અને જવાબદારીઓને લઈને બંને વચ્ચે તણાવ વધી ગયો છે? આ પ્રશ્નોના જવાબ આપવા માટે, બાંધકામ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રા અને ટ્રસ્ટના કાર્યકારી મહાસચિવ કૃષ્ણ મોહન સિંહ તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમનો સંપર્ક થઈ શક્યો ન હતો. જોકે, ટ્રસ્ટના સચિવ જગદીશ અફલેએ તેને ટ્રસ્ટનો આંતરિક મામલો ગણાવીને ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ભૂતપૂર્વ એકાઉન્ટ્સ ઈન્ચાર્જે વડા પ્રધાન કાર્યાલય, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન કાર્યાલય અને અનેક અધિકારીઓને ટ્રસ્ટના કાર્યમાં અને દાનમાં કથિત અનિયમિતતાઓ અંગે ફરિયાદ મોકલી છે.

૧૬ ઓગસ્ટે મોકલવામાં આવેલી ફરિયાદમાં, તેમણે ૧૮ ઓગસ્ટે ટ્રસ્ટને સુપરત કરાયેલ એસઆઈટીના અંતિમ અહેવાલ, ભૂતપૂર્વ મહાસચિવ ચંપત રાયની ભૂમિકા અને તેમની અગાઉની ફરિયાદ પર લેવામાં આવેલી કાર્યવાહી વિશે માહિતી માંગી હતી. ફરિયાદીએ દાવો કર્યો છે કે ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ, એસઆઈટીએ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ, અયોધ્યાને તેનો અંતિમ અહેવાલ સુપરત કર્યો હતો. ફરિયાદમાં, ભૂતપૂર્વ એકાઉન્ટિંગ અધિકારીનો દાવો છે કે જો તેમની ફરિયાદ પર કાર્યવાહી કરવામાં આવી હોત, તો તત્કાલીન ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયને ક્લીન ચીટ મળી ન હોત. ભૂતપૂર્વ એકાઉન્ટિંગ અધિકારીએ તેમની ફરિયાદમાં જણાવ્યું છે કે સુપ્રીમ કોર્ટે જૂની એસઆઈટીને સ્વીકારી ન હતી અને નવી જીૈં ની રચના કરી હતી. તેમ છતાં, તેમના મતે, ટ્રસ્ટને નવી એસઆઈટીનો અંતિમ અહેવાલ સુપરત કરવાથી પ્રશ્નો ઉભા થાય છે.

## ખેડૂતોને ૨૦% ડિવિડન્ડ, કર્મચારીઓની નિવૃત્તિ વય ૬૦ વર્ષ! ગુજકોમાસોલની જાહેરાત

ગાંધઈનગર,

ગુજકોમાસોલની ૬૫મી વાર્ષિક સાધારણ સભા ગાંધીનગરમાં યોજાઈ હતી. બેઠકમાં ગુજકોમાસોલ અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, વાઈસ ચેરમેન બિપિન પટેલ, કૃષિમંત્રી જીતુ વાઘાણી, જયેશ રાદડિયા સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

એજીએમ દરમિયાન ખેડૂતો, કર્મચારીઓ અને સંસ્થાના વિકાસને લગતા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં ખેડૂતોને ૨૦ ટકા ડિવિડન્ડ આપવાનો નિર્ણય અને કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષથી વધારીને ૬૦ વર્ષ કરવાનો નિર્ણય મુખ્ય રહ્યો હતો.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ગુજકોમાસોલે અત્યાર સુધીનું સૌથી મોટું રૂ. ૧૧,૪૭૯ કરોડનું ટર્નઓવર નોંધાવ્યું છે. સંસ્થાની કામગીરીમાં થયેલા વધારા વચ્ચે આ ટર્નઓવરને મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવી રહી છે. આ સમયગાળા દરમિયાન સંસ્થાએ રૂ. ૧૫૨.૬૩ કરોડનો ગ્રોસ પ્રોફિટ નોંધાવ્યો હતો. જ્યારે કરવેરા બાદ સંસ્થાનો ચોખ્ખો નફો રૂ. ૬૦ કરોડ રહ્યો હતો.

સંસ્થાના રિઝર્વ અને અન્ય ફંડમાં પણ વધારો નોંધાયો છે. વર્ષ દરમિયાન રિઝર્વ અને અન્ય ફંડમાં રૂ. ૬૧.૮૮ કરોડનો વધારો થયો છે. પરિણામે સંસ્થાનું રિઝર્વ ફંડ વધીને અંદાજે રૂ. ૨૧૬ કરોડ થયું છે.ખાતર વિતરણ ક્ષેત્રે પણ ગુજકોમાસોલ દ્વારા નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. વર્ષ દરમિયાન સંસ્થા દ્વારા ૧૭.૫૯ લાખ મેટ્રિક ટન ખાતરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કામગીરીથી ખેડૂતો સુધી સમયસર ખાતર પહોંચાડવામાં સહાય મળી હોવાનું સંસ્થાએ જણાવ્યું હતું.

ખેડૂતો પાસેથી ટેકાના ભાવે કૃષિ પેદાશોની ખરીદીમાં પણ ગુજકોમાસોલે મહત્વપૂર્ણ કામગીરી કરી છે. સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ખેડૂતો પાસેથી રૂ. ૮,૬૮૦ કરોડથી વધુની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હોવાનું એજીએમમાં જણાવાયું હતું. આ ઉપરાંત બિયારણ વિભાગ દ્વારા ખેડૂતોને રૂ. ૧૧૪.૭૯ કરોડના શુદ્ધ સર્ટિફાઈડ બિયારણ પૂરા પાડવામાં આવ્યા છે.

ખેતીમાં આધુનિક ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ગુજકોમાસોલ દ્વારા ડ્રોન ટેક્નોલોજી અંગે રાજ્યવ્યાપી અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧૫ હજારથી વધુ એકર વિસ્તારમાં ડ્રોન દ્વારા પાક પર છંટકાવ કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. ખેતીમાં ટેક્નોલોજીનો ઉપયોગ વધે તે માટે આગામી સમયમાં પણ આ પ્રકારની કામગીરીને વેગ આપવાની દિશામાં પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.એજીએમમાં ખેડૂતો માટે સૌથી મહત્વપૂર્ણ નિર્ણયોમાં ૨૦ ટકા ડિવિડન્ડ આપવાનો નિર્ણય રહ્યો હતો. આ નિર્ણયથી સંસ્થા સાથે જોડાયેલા ખેડૂતોને સીધો લાભ મળવાની શક્યતા છે. ખેડૂતોના હિત સાથે જોડાયેલા અન્ય નિર્ણયો સાથે ડિવિડન્ડની જાહેરાતને છ્યસ્ની મુખ્ય બાબતોમાં સ્થાન મળ્યું હતું.ગુજરાત પ્રવાસ

ખેડૂતોના ઉત્પાદનોને વધુ મોટા બજાર સુધી પહોંચાડવા માટે એજીએમમાં 'ગુજકો' નામથી નવી બ્રાન્ડ લોન્ચ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બ્રાન્ડના માધ્યમથી ખેડૂતોના ઉત્પાદનોને દેશના વિવિધ બજારો ઉપરાંત ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. ખેડૂતોને તેમના ઉત્પાદનો માટે વધુ વ્યાપક બજાર ઉપલબ્ધ કરાવવાના હેતુથી આ પહેલ મહત્વપૂર્ણ બની શકે છે.ગુજકોમાસોલ દ્વારા સંચાલિત ગુજકો મોલના વિસ્તરણની યોજના અંગે પણ છ્યસ્માં ચર્ચા કરવામાં આવી હતી. હાલમાં અમદાવાદ, વડોદરા, સુરત અને જામનગર સહિતના શહેરોમાં કુલ ૭ ગુજકો મોલ કાર્યરત હોવાનું જણાવાયું છે. આગામી સમયમાં રાજ્યના અન્ય શહેરોમાં પણ ગુજકો મોલનો વ્યાપ વધારવાની યોજના છે. આ માધ્યમથી ખેડૂતોના ઉત્પાદનોને સીધા ગ્રાહકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

એજીએમમાં કર્મચારીઓના હિતમાં પણ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજકોમાસોલના કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષથી વધારીને ૬૦ વર્ષ કરવામાં આવી છે. આ નિર્ણયથી સંસ્થાના કર્મચારીઓને વધુ બે વર્ષ સુધી સેવા આપવાની તક મળશે અને કર્મચારીઓ માટે તેને મહત્વપૂર્ણ રાહત તરીકે જોવામાં આવી રહી છે.

ગુજકોમાસોલની ૬૫મી છ્યસ્માં ખેડૂતોના હિત, કૃષિ ક્ષેત્રમાં ટેક્નોલોજીનો ઉપયોગ, કૃષિ પેદાશોની ખરીદી, ખાતર-બિયારણ વિતરણ અને સંસ્થાના વિસ્તરણ સહિતના વિવિધ મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ૨૦ ટકા ડિવિડન્ડ, 'ગુજકો' બ્રાન્ડ, ગુજકો મોલના વિસ્તરણ અને કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદામાં વધારો જેવા નિર્ણયો આગામી સમયમાં સંસ્થા સાથે જોડાયેલા ખેડૂતો અને કર્મચારીઓ માટે મહત્વપૂર્ણ બની શકે છે.

## ગુજરાત માટે અંતરિક્ષ ક્ષેત્રે મોટો દિવસ! કોડીનારમાં સ્પેસ પાર્કને ઈસરોની મંજૂરી

અમદાવાદ,

ગુજરાતના ગીર સોમનાથ જિલ્લામાં આવેલા કોડીનાર માટે અવકાશ ક્ષેત્રને લઈને મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. દેશભરમાં ત્રીજા નેશનલ સ્પેસ ડેની ઉજવણી દરમિયાન ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ઈસરો)ના ચેરમેન ડો. વી. નારાયણનએ કોડીનારમાં સ્પેસ પાર્કને મંજૂરી આપવામાં આવી હોવાની જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટને ગુજરાતમાં સ્પેસ ટેક્નોલોજી અને સંશોધન ક્ષેત્રના વિકાસ માટે મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.ભારતના સમાચાર

નેશનલ સ્પેસ ડેની ઉજવણી દરમિયાન ઈસરો ચેરમેન ડો. વી. નારાયણને ભારતના અવકાશ ક્ષેત્રની અત્યાર સુધીની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ચંદ્રયાન સહિતના અનેક મહત્વપૂર્ણ મિશન દ્વારા ભારતે અવકાશ ક્ષેત્રે પોતાની ક્ષમતા સાબિત કરી છે અને દેશનું નામ વિશ્વભરમાં ગૌરવ સાથે સ્થાપિત કર્યું છે. આ દરમિયાન તેમણે ગીર સોમનાથના કોડીનારમાં સ્પેસ પાર્ક બનાવવાની મંજૂરી આપવામાં આવી હોવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

કોડીનારમાં મંજૂર થયેલા સ્પેસ પાર્કથી ગુજરાતમાં અવકાશ ક્ષેત્ર સાથે જોડાયેલા સંશોધન અને ટેક્નોલોજીના વિકાસને નવી દિશા મળવાની આશા છે. આ પ્રકારના પ્રોજેક્ટથી સ્પેસ ટેક્નોલોજી અંગેનું સંશોધન, નવીનતા



અને યુવાનોની ભાગીદારીને પ્રોત્સાહન મળી શકે છે. સ્પેસ પાર્ક માત્ર સંશોધન પૂરતો મર્યાદિત ન રહેતા યુવાનો અને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન તથા અવકાશ ક્ષેત્ર પ્રત્યે રસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી શકે છે. કોડીનાર માટે આ જાહેરાતને ભવિષ્યના વિકાસની દૃષ્ટિએ પણ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.ગુજરાત પ્રવાસઅવકાશ ક્ષેત્રમાં સતત વધી રહેલી ટેક્નોલોજી અને સંશોધનની તકો વચ્ચે કોડીનારમાં સ્પેસ પાર્કની મંજૂરીથી સ્થાનિક સ્તરે પણ નવી તકો ઊભી થઈ શકે છે. ખાસ કરીને વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને સંશોધન સાથે જોડાયેલા યુવાનોને સ્પેસ સેક્ટર અંગે વધુ નજીકથી જાણવાની અને કામ કરવાની તકો મળી શકે છે.ઈસરો ચેરમેને અવકાશ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રની વધતી ભાગીદારી અંગે પણ મહત્વપૂર્ણ વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે સરકારની નવી નીતિ હેઠળ હવે ખાનગી કંપનીઓને પણ રોકેટ અને સેટેલાઈટ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધવાથી ભારતના સ્પેસ સેક્ટરમાં નવી ટેક્નોલોજી અને નવીનતા માટે વધુ તકો ઊભી થવાની શક્યતા છે. સાથે જ અવકાશ ક્ષેત્રના વિકાસની પ્રક્રિયામાં પણ ઝડપ આવી શકે છે.ખાનગી કંપનીઓ અવકાશ ક્ષેત્રમાં પ્રવેશ કરશે ત્યારે રોકેટ, સેટેલાઈટ અને અન્ય સ્પેસ ટેક્નોલોજી સંબંધિત ક્ષેત્રોમાં કામકાજનું વિસ્તરણ થઈ શકે છે. આથી ઈસરો પોતાની મુખ્ય સંશોધન અને મિશન ક્ષમતાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકે અને સમગ્ર સ્પેસ ઈકોસિસ્ટમને પણ વેગ મળી શકે છે.ગીર સોમનાથના કોડીનારમાં સ્પેસ પાર્કને મળેલી મંજૂરી ગુજરાત માટે અવકાશ ક્ષેત્રમાં નવી સંભાવનાઓના દરવાજા ખોલી શકે છે. ગુજરાતમાં ટેક્નોલોજી, સંશોધન અને નવીનતા સાથે જોડાયેલા ક્ષેત્રોને પ્રોત્સાહન આપવાની દિશામાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ બની શકે છે. આ જાહેરાત સાથે કોડીનારનું નામ હવે માત્ર પ્રવાસન અને દરિયાકાંઠા વિસ્તાર પૂરતું નહીં, પરંતુ દેશના વિકસતા સ્પેસ સેક્ટર સાથે પણ જોડાવાની દિશામાં આગળ વધ્યું છે.

## રાજસ્થાનની શાળાઓ ત્રણ વર્ષમાં બદલાશે, સરકારે રોડમેપ તૈયાર કર્યો છે, ૧૨,૫૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે

જયપુર,

રાજસ્થાન સરકારે રાજ્યની જર્જરિત અને નબળી સજ્જ સરકારી શાળાઓને બદલવા માટે આગામી ત્રણ વર્ષ માટે એક વ્યાપક રોડમેપ તૈયાર કર્યો છે. સરકારે ૨૦૨૬-૨૭થી ૨૦૨૮-૨૯ સુધી તબક્કાવાર રીતે સરકારી શાળાઓને સુરક્ષિત, સુસજ્જ, આધુનિક અને ટેકનોલોજીકલ રીતે સક્ષમ બનાવવાની યોજના બનાવી છે. આ પહેલ હેઠળ આશરે ૧૨,૫૦૦ કરોડ ખર્ચવામાં આવશે.

રોડમેપ મુજબ, રાજ્યમાં ૩,૫૮૭ નવી શાળા ઈમારતો બનાવવામાં આવશે, જેનો ખર્ચ આશરે ૨,૪૮૭.૭૫ કરોડ થશે. ૮,૩૭૮.૩૦ કરોડ ૮૩,૭૮૩ નવા વર્ગખંડોના નિર્માણ પર ખર્ચ કરવામાં આવશે. વધુમાં, ૨૨,૫૮૯ શાળાઓમાં મુખ્ય સમારકામ માટે ૧,૧૨૯.૪૫ કરોડ અને ૧૩,૬૧૬ નવા શૌચાલય સંકુલ માટે આશરે ૩૪૦.૪૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભજનલાલ શર્માની સૂચના પર, રાજ્યના તમામ ૪૧ જિલ્લાઓમાં જિલ્લા કલેક્ટરો દ્વારા સરકારી શાળા ઈમારતોનો ટેકનિકલ સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું. સર્વેક્ષણમાં જાહેર થયેલી જરૂરિયાતોના આધારે, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ થી ૨૦૨૮-૨૯ માટે એક તબક્કાવાર યોજના તૈયાર કરવામાં આવી છે. સરકારના જણાવ્યા મુજબ, છેલ્લા પાંચ વર્ષમાં શાળાના માળખાગત બાંધકામ પર આશરે ૨,૨૦૦ કરોડ ખર્ચવામાં આવ્યા છે. લાંબા ગાળાની યોજનાની સાથે, તાત્કાલિક જરૂરિયાતો પર પણ કામ શરૂ કરવામાં આવ્યું છે.

હાલમાં, ૩,૦૦૬.૩૪ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સ મંજૂરી અથવા ટેન્ડરિંગના વિવિધ તબક્કામાં છે. આમાંથી, ૫૧૮ નવી શાળા ઈમારતો માટે ૬૨૦ કરોડના પ્રોજેક્ટ્સ મંજૂર થયા છે અથવા ટેન્ડરિંગ પ્રક્રિયામાં છે, જ્યારે ૧૮૧ ઈમારતોનું બાંધકામ શરૂ થઈ ગયું છે.

સરકારે એમએલએ ભંડોળને શાળાના માળખાગત બાંધકામ સાથે જોડવાનો પણ નિર્ણય લીધો છે. દરેક સ્ન્છ દ્વારા પ્રાપ્ત થતા ૫ કરોડના વાર્ષિક ભંડોળમાંથી ૨૦ ટકા શાળાના માળખાગત બાંધકામ પર ખર્ચ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજના હેઠળ, ૮૯૪ નવી શાળા ઈમારતો માટે લોન મંજૂરી માટે આશરે ૬૦૦ કરોડના પ્રસ્તાવો નાબાર્ડ/નાણા વિભાગને સબમિટ કરવામાં આવ્યા છે. ૨,૯૦૬ નવા વર્ગખંડો માટે આશરે ૩૦૦ કરોડનું કામ મંજૂર અને ચાલુ છે. મુખ્ય સમારકામ અને સલામતી કાર્ય માટે ૫૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, અને શૈક્ષણિક, રહેણાંક અને વિશેષ સુવિધાઓ માટે ૯૩૬.૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.જયપુરના રામપુરા-કંવરપુરામાં સરકારી પ્રાથમિક શાળા માટે નવી ઈમારતનું બાંધકામ, જેને ૨૦૨૫માં જર્જરિત જાહેર કરવામાં આવ્યું હતું, તે ૧ સપ્ટેમ્બરથી શરૂ થશે. નવી ઈમારત માટે ડીએમએફટીમાંથી ૧૨ લાખ અને ધારાસભ્ય ભંડોળમાંથી ૬ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. સરકાર સરકારી શાળાઓને ડિજિટલ સુવિધાઓ સાથે જોડવા પર પણ ભાર મૂકી રહી છે. ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં આશરે ૧,૦૮૭ કરોડ ખર્ચવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત, આશરે ૫,૦૦૦ સ્માર્ટ વર્ગખંડો, ૮૦,૦૦૦ ટેબલેટ અને ૭,૦૦૦ આઈસીટી લેબ સ્થાપિત કરવામાં આવશે.

## હરદીપ નિજ્જરની હત્યાની જવાબદારી ગોલ્ડી બ્રારે સ્વીકારી, તે નાના બાળકોને ડ્રગ્સ વેચવા માટે મજબૂર કરતો હતો

નવીદિલ્હી,

ગેંગસ્ટર ગોલ્ડી બ્રારે દાવો કર્યો છે કે તેની ગેંગે હરદીપ સિંહ નિજ્જરની હત્યા કરી હતી. લીક થયેલા ઓડિયોમાં, બ્રારને એમ કહેતા સાંભળી શકાય છે કે નિજ્જર ૧૬-૧૭ વર્ષના બાળકોનો ઉપયોગ ડ્રગ્સ વેચવા માટે કરતા હતા. બ્રારનો આરોપ છે કે આ વ્યક્તિઓ યુવાનોને ડ્રગ્સ વેચવા અને બાતમીદાર તરીકે કામ કરવા માટે બ્લેકમેલ પણ કરે છે. ઓડિયોમાં, બ્રાર દાવો કરે છે કે નિજ્જરે આવા વ્યક્તિઓને ટેકો આપ્યો અને સશક્ત બનાવ્યા જેથી તે જરૂર પડ્યે તેમનો ઉપયોગ કરી શકે.

બ્રારના મતે, આ જ કારણ હતું કે તેને અને તેની ટીમને નિજ્જરની હત્યા કરવાની ફરજ પડી હતી. બ્રારે એમ પણ કહ્યું હતું કે દરેકને તેમના કાર્યોની કિંમત ચૂકવવી પડશે. આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા ૧૮ જૂન, ૨૦૨૩ ના રોજ કેનેડાના બ્રિટિશ કોલંબિયાના સરેમાં એક ગુરુદ્વારાની બહાર કરવામાં આવી હતી.ઓડિયોમાં, ગોલ્ડી બ્રારે કહ્યું, "જેઓ ૧૬-૧૭ વર્ષના બાળકોને ડ્રગ્સ વેચવા માટે ઉશ્કેરતા અને ઉશ્કેરતા હતા, જેઓ તેમને ડ્રગ્સ વેચવા અને બાતમીદાર બનવા માટે બ્લેકમેલ કરતા હતા, નિજ્જરે આવા વ્યક્તિઓને ટેકો આપ્યો અને સશક્ત બનાવ્યા જેથી તે જરૂર પડ્યે તેમનો ઉપયોગ કરી શકે. એટલા માટે અમે, મારી ટીમ અને મેં, નિજ્જરને મારવો પડ્યો. દરેકને તેમના કાર્યોના પરિણામો ભોગવવા પડશે."ગુપ્તચર સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતીય એજન્સીઓ અને અધિકારીઓ લાંબા સમયથી એવું સૂચન કરી રહ્યા છે કે નિજ્જરની હત્યા પાછળ ગેંગ વોરફેર અને સંગઠિત ગુનાખોરી પ્રવૃત્તિઓનો હાથ હોઈ શકે છે. ભારતીય સૂત્રોના જણાવ્યા અનુસાર, લોરેન્સ બિશ્નોઈ-ગોલ્ડી બ્રાર નેટવર્કની ભૂમિકા અંગે અમેરિકાની કાર્યવાહીએ આ મૂલ્યાંકનને વધુ મજબૂત બનાવ્યું છે. ભારતે અગાઉ હત્યાને ભારતીય સરકારી એજન્ટો સાથે જોડતા કેનેડિયન આરોપોને નકારી કાઢ્યા છે. ભારતીય પક્ષે જણાવ્યું હતું કે આ આરોપોને સમર્થન આપવા માટે પૂરતા પુરાવા નથી. આ ઓડિયોના પ્રકાશન સાથે, હવે સ્પષ્ટ થઈ ગયું છે કે નિજ્જરની હત્યા ભારતીય એજન્સીઓ દ્વારા નહીં, પરંતુ ગોલ્ડી સાથેના આંતરિક ગેંગ વોરમાં થઈ હતી.

### જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં

કેસ.નં.૧૦૩૩/૨૦૨૬ તા.૨૨/૦૮/૨૦૨૬

અરજદાર: કળમી સંતુબેન પીદીયાભાઈરહે. ગમલા, તા.જિ.દાહોદ

વિરુધ્ધ

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ગમલા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી કળમી સંતુબેન પીદીયાભાઈના પુત્રીના નામે કળમી લીલાબેન પીદીયાભાઈનો જન્મ તા.૧૦/૦૫/૧૯૮૯ રોજ ગમલા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ગમલા, તા.જિ.દાહોદના જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ગમલા તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખ: ૨૨ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

### જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં

કેસ.નં.૨૦૩/૨૦૨૬ તા.૨૨/૦૮/૨૦૨૬

અરજદાર: મેડા દલસુખભાઈ કસનાભાઈરહે. ખંગેલા, તા.જિ.દાહોદ

વિરુધ્ધ

સામાવાળા:તલાટી કમ મંત્રીશ્રી, ખંગેલા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી મેડા દલસુખભાઈ કસનાભાઈના પિતાના નામે મેડા કસનાભાઈ ખુમાનભાઈનું મરણ તા.૦૫/૦૯/૨૦૦૨ના રોજ ખંગેલા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પિતાનું મરણ થયેલ ત્યારે અરજદાર દ્વારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ખંગેલા, તા.જિ.દાહોદના જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પિતાના મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ખંગેલા તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખ: ૨૨ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

### જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં

કેસ.નં.૨૪૭/૨૦૨૬ તા.૨૨/૦૮/૨૦૨૬

અરજદાર: બામણીયા ઉદેસિંગ મનસુખભાઈરહે. નગરાળા, તા.જિ.દાહોદ

વિરુધ્ધ

સામાવાળા:તલાટી કમ મંત્રીશ્રી, નગરાળા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી બામણીયા ઉદેસિંગ મનસુખભાઈના પિતાના નામે બામણીયા મનસુખભાઈ મલહિંગભાઈનું મરણ તા.૧૫/૦૪/૧૯૯૬ના રોજ નગરાળા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પિતાનું મરણ થયેલ ત્યારે અરજદાર દ્વારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, નગરાળા, તા.જિ.દાહોદના જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પિતાના મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,નગરાળા તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખ: ૨૨ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

### જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં

કેસ.નં.૧૦૯૪/૨૦૨૬ તા.૨૨/૦૮/૨૦૨૬

અરજદાર: મિનામા રમેશભાઈ નાજુભાઈરહે. મોટીખરજ, તા.જિ.દાહોદ

વિરુધ્ધ

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, મોટીખરજ, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી મિનામા રમેશભાઈ નાજુ ભાઈનાનો જન્મ તા.૧૯/૦૭/૧૯૭૧ના રોજ મોટીખરજ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, મોટીખરજ, તા.જિ.દાહોદના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ–મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,મોટીખરજ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખ: ૨૨ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

# કડાણાના કરવાઈમાં કરિયાણાની દુકાનમાં ખાતરનું ગેરકાયદે વેચાણ : બમણા ભાવ વસૂલી ઉઘાડી લૂંટ

**દુકાનદાર ખેડૂતો પાસેથી ખાતરના વધુ નાણાં લેતો હોવાનો આક્ષેપ.**



દિવડાકોલોની,

એક તરફ સમગ્ર રાજ્યમાં ખેડૂતોને પાક સંભાળવા માટે સમયસર પૂરતું ખાતર મળતું નથી. અને ખાતર માટે ઠેર ઠેર ખેડૂતોની લાંબી લાઈનો લાગી રહી છે. ત્યારે કડાણા તાલુકાના છેવાડાના કરવાઈ ગામમાં ખેડૂતોની મજબૂરીનો બેફામ લાભ ઉઠાવીને કરીયાણાની દુકાનમાં કાળાબજારી થતી હોવાના વાયરલ વીડિયોએ ચકચાર મચાવી છે.

આ વાયરલ વીડિયોમાં કરવાઈ ચોકડી પર આવેલી એક કરિયાણાની દુકાનમાંથી નહીંમ શેઠ દ્વારા યુરીયા ખાતરનો ગેરકાયદેસર અને છડેચોક વેપાર ચલાવવામાં આવી રહ્યો હોવાનું જોવા મળે છે.જેમાં યુરીયા ખાતરની સરકારી અને નિયત કિંમત આશરે ૨૭૦ રૂપિયા જેટલી હોય છે, પરંતુ આ દુકાનદાર નહીંમ શેઠ દ્વારા ખેડૂતો પાસેથી એક થેલીના ૪૮૦ રૂપિયા એટલે કે બમણા ભાવ વસૂલીને ખુલ્લેઆમ આર્થિક લૂંટ ચલાવવામાં આવી રહી છે.આ સમગ્ર મામલે સ્થાનિક સ્તરે સૌથી મોટો સવાલ એ ઉઠી રહ્યો છે કે ખેતીવાડીના પાક માટેનું યુરીયા ખાતર કોઈ અધિકૃત સહકારી મંડળી કે અધિકૃત એજન્સીના ગોડાઉનને મળતા નથી ત્યારે સામાન્ય કરિયાણાની દુકાનમાં જથ્થાબંધ ક્યાંથી અને કેવી રીતે પહોંચ્યું?વહીવટી તંત્રની નજર હેઠળ આ પ્રકારે ગેરકાયદેસર વેચાણ થવું તે અનેક શંકાઓ ઉપજાવે છે. હાલના તબક્કે ડાંગરની ખેતી પૂરજોશમાં ચાલી રહી છે અને પાકને ખાતરની અનિવાર્ય જરૂરિયાત છે.આ સમયે જરૂરિયાતના ટાણે ખાતર ન મળવાની કૃત્રિમ અછત ઊભી કરી, લાચાર ખેડૂતો પાસેથી બેફામ નાણાં ખંખેરવામાં આવી રહ્યા હતા ત્યારે લાગે છે કે એક મજબૂર ખેડૂત દ્વારા આ લૂંટ તંત્ર સામે લાવવા ખાતરના કાળાબજારનો પર્દાફાશ થાય તેવા આશ્રયે વીડિયો વાયરલ કરવામાં આવ્યો છે. હાલ આ વાયરલ વીડિયોએ તંત્રની કાર્યવાહી સામે સવાલો ઉભા કર્યા છે.કાળાબજારીનું નેટવર્ક અને જવાબદારી વગરનો વહીવટ સહકારી મંડળીઓને મળવાપાત્ર જથ્થો કરિયાણાની દુકાને પહોંચવો એ માત્ર એક વેપારીની હિંમત નથી, પરંતુ કાળાબજારીનું નેટવર્ક અને જવાબદારી વગરના વહીવટની મિલીભગત તરફ ઈશારો કરે છે. ત્યારે લાઈસન્સ વગર ખાતરનો સ્ટોક પૂરો પાડનાર મુખ્ય ડિસ્ટ્રિબ્યુટર કે એજન્સી સામે તપાસ થશે કે કેમ એ પણ હાલ એક વિષય છે.

# મહીસાગર જીલ્લા કોંગ્રેસ દ્વારા ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા




લુણાવાડા,

લઠ્ઠાકાંડ મામલે ભાવનગરમાં નવ જેટલાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો છે. ત્યારે ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના કડક અમલને લઈને બણગા ફૂંકતી સરકાર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન અને દેખાવો કરવામાં આવ્યા. કોંગ્રેસ કાર્યકરોએ એકતા અને જનહિતના મુદ્દાઓને લઈને સરકારની નીતિઓ સામે સામાન્ય જનતાના અવાજ ઉઠાવી રસ્તા પર ઉતરી આવ્યા.આ કાર્યક્રમમાં કોંગ્રેસ આઠ તાલુકાના પ્રમુખો પ્રભારીઓ, મહામંત્રી સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડામાં ગણેશજીનું ભવ્ય આગમન : છપૈયા ધામ સોસાયટીમાં ૪૦ વર્ષથી શ્રીજીની પ્રતિમાની પધરામણી



લુણાવાડા,

મહીસાગર જીલ્લાના મુખ્ય મથક લુણાવાડા શહેરમાં ગણેશ મહોત્સવને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગણેશ ચતુર્થી નજીક આવતાં, છપૈયા ધામ સોસાયટીના શ્રી ગણેશ મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગણેશજીની પ્રતિમાનું ભવ્ય આગમન કરવામાં આવ્યું હતું. આ આગમન યાત્રા ૨૨ ઓગસ્ટની રાત્રે યોજાઈ હતી.

શ્રી ગણેશ મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા ૪૦ વર્ષથી છપૈયા ધામ સોસાયટીમાં ગણેશજીની સ્થાપના કરી ગણેશ મહોત્સવની ઉજવણી કરે છે. આ વર્ષે પણ આ ૪૦ વર્ષ જૂની પરંપરાને જાળવી રાખવામાં આવી છે.ગણેશજીની પ્રતિમાનું આગમન લુણાવાડા શહેરના એસટી વર્કશોપ ખાતે થયું હતું. ત્યાંથી છપૈયા ધામ સોસાયટી સુધી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ડીજેના તાલે, વાજતે–ગાજતે અને ફટાકડાની આતશબાજી વચ્ચે હજારો ભક્તો આ આગમન યાત્રામાં જોડાયા હતા.શોભાયાત્રા દરમિયાન ભક્તો દ્વારા ગણપતિ બાપા મોરિયાના નાદ સાથે જયઘોષ કરવામાં આવ્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. નગરની ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં આ યાત્રામાં જોડાઈ હતી.આગમન યાત્રા છપૈયા ધામ સોસાયટી ખાતે પહોંચ્યા બાદ ગણેશચતુર્થીના દિવસે ગણેશજીની પ્રતિમાની વિધિવત પધરામણી કરવામાં આવશે. ગણેશ મહોત્સવ દરમિયાન સોસાયટીમાં આગામી દિવસોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરાશે.

# કોઠંબા તાલુકાની થાણાસાવલી પગાર કેન્દ્ર શાળાના શિક્ષક નિરવકુમાર પંચાલનું વસ્તી ગણતરીનું સૌથી ઝડપી કાર્ય પૂર્ણ કરવા બદલ સન્માન કરવામાં આવ્યું

કોઠંબા,

મહીસાગર જીલ્લાના કોઠંબા તાલુકાની ખારોલ પ્રા.શાળામાં નવીન કોઠંબા તાલુકાના ૮૦ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દરમ્યાન તારીખ ૧૫ મી ઓગષ્ટ ૨૦૨૬ ને શનિવારના રોજ કોઠંબા તાલુકામાં સૌપ્રથમ અને સૌથી ઝડપી વસ્તી ગણતરી–૨૦૨૬ નું પ્રથમ તબક્કામાં વસ્તી ગણતરીદાર તરીકે કાર્ય પૂર્ણ કરવા બદલ લુણાવાડા તાલુકાના મધવાસ ગામના વતની અને કોઠંબા તાલુકાની થાણાસાવલી પગારકેન્દ્ર શાળાના શિક્ષક નિરવકુમાર કનૈયાલાલ પંચાલનું કોઠંબા મામલતદાર એ.એ.દેસાઈ, નાયબ મામલતદાર જગદિશભાઈ પટેલ, કારોબારી ચેરમેન ભલવેન્દ્રકુમાર પટેલના વરદ હસ્તે પ્રશસ્તિ પત્ર દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું. શિક્ષક નિરવકુમાર પંચાલે કાળઝાળ ગરમી, તડકા તથા ભૂખ, તરસની પરવા કર્યા વિના અથાક મહેનત,ખંત અને સખત પરિશ્રમ કરીને સોંપેલ વિસ્તારમાં HLB બ્લોક નંબર–૧૭ ના કુલ ૭ ફળિયામાં ૩૫૧ ઘરના ૧૪૦૦ કરતા પણ વધારે નાગરિકોની ડોર ટુ ડોર મુલાકાત કરી હતી અને ઘર નંબર આપ્યા હતા તથા માહિતી એકઠી કરી હતી તથા રાત દિવસ સતત ઉજાગરા કરીને પણ એપ્લીકેશનમાં ઓનલાઈન કામગીરી સૌ પ્રથમ અને ઝડપથી પુર્ણ કરી હતી તે બદલ તેમનું પ્રશસ્તિ પત્ર દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

# બાલાસિનોરમાં નિઃશુલ્ક સ્વાસ્થ્ય નિદાન કેમ્પમાં ૧૦૦ થી વધુ દર્દીઓએ સારવારનો લાભ લીધો



બાલાસિનોર,

બાલાસિનોર ખાતે શેલ્બી હોસ્પિટલ, નરોડા અને જે.સી.આઈ. બાલાસિનોરના સહયોગથી નિઃશુલ્ક સ્વાસ્થ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૦૦થી વધુ દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો. આયોજનનો મુખ્ય હેતુ નાગરિકોના આરોગ્યની સંભાળ રાખવાનો હતો.

બાલાસિનોરના લાયન્સ કલબ હોલ ખાતે યોજાયેલા આ કેમ્પમાં વિશ્વવિખ્યાત જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડો. વિક્રમ શાહની ટીમમાંથી નિષ્ણાત તબીબો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ડો. ઈકરામ ખાન ઘાસુરા (સિનિયર જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન), ડો. અશિત ભોયર (ઓર્થોપેડિક અને સ્પાઈન સર્જન), ડો. વિકાસ પટેલ (ન્યુરો ફિઝિશિયન), ડો. રાઘવેન્દ્ર કશ્યપ (સિનિયર કન્સલ્ટન્ટ યુરોલોજીસ્ટ) અને ડો. મનિષ ભાવસાર (જનરલ ફિઝિશિયન)નો સમાવેશ થાય છે.

આ તબીબો દ્વારા દર્દીઓની તપાસ કરવામાં આવી હતી અને તેમને જરૂરી તબીબી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. નાગરિકોને હાડકાં, સાંધા, કરોડરજ્જુ, ન્યુરોલોજી, યુરોલોજી તેમજ સામાન્ય આરોગ્ય સંબંધિત વિવિધ સમસ્યાઓ અંગે નિષ્ણાત તબીબો પાસેથી પરામર્શ મેળવવાની તક મળી હતી.

આ સેવાકીય આયોજનમાં જે.સી.આઈ. બાલાસિનોરના પ્રમુખ જેસી અચલ રાવલ, સેક્રેટરી જેસી રોનક સાવલસા, વાઈસ પ્રેસિડેન્ટ જેસી રાજ શાહ, પ્રોજેક્ટ ચેરમેન જેસી હેમ ચોક્સી તેમજ જેસી ક્ષિતિ સોની, જેસી અવિનાશ ગાંધી અને જેસી વિહાંગ રાવલ સહિતના સભ્યોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ પ્રસંગે ઉપસ્થિતોને જાણ કરવામાં આવી હતી કે સી.જી.એચ.એસ., આર.જી.એચ.એસ. અને આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત સારવારની સુવિધા ઉપલબ્ધ છે. વધુમાં, હોસ્પિટલમાં કેથલેબ, ટી.પી.એ. અને મેડિક્લેમ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.

# તેજગઢની આદર્શ નિવાસી શાળાની જર્જરિત બિલ્ડિંગ, ખુલ્લા વીજવાયર અને લાઈટના અભાવે બાળકો અસુરક્ષિત



તેજગઢ,

તેજગઢ ગામે આદિજાતિ વિભાગ સંચાલિત આદર્શ નિવાસી શાળાના હોસ્ટેલમાં ગંદકી, પાણીની અછત, અપૂરતી લાઈટ, જર્જરિત મકાન જેવી સમસ્યાઓ સામે આવી છે. ધોરણ ૯થી ૧૨ના આશરે ૧૦૦થી ૨૦૦ આદિવાસી વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ સાથે રહે છે.

વાલીઓ અને આદિવાસી આગેવાનોએ શાળાની મુલાકાત લેતાં શૌચાલય–બાથરૂમમાં ગંદકી, રૂમોમાં ખુલ્લા વીજ વાયર, મચ્છરોનો ત્રાસ, દરવાજાની સમસ્યા જોવા મળી હતી. બોરવેલ બંધ હોવાથી પાણીની અછત હોવાનું તેમજ રાત્રે પૂરતી લાઈટ ન હોવાની ફરિયાદ પણ કરાઈ હતી.

મેનુ મુજબ ભોજન ન મળતું હોવાના આક્ષેપો પણ થયા છે. આદિવાસી આગેવાન વિનુભાઈ રાઠવા સહિતના કાર્યકર્તાઓએ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી સમગ્ર સ્થિતિના વીડિયો બનાવી વાયરલ કર્યા હતા. તેમણે પાંચ દિવસમાં સમસ્યાઓ દૂર નહીં થાય તો ગાંધીનગર સુધી પદયાત્રા કરી આંદોલનની ચીમકી આપી છે.

શાળાના ઈન્ચાર્જ આચાર્ય અલ્પેશભાઈ ધોકાઈએ દરવાજા, પાણી, સ્વચ્છતાની સમસ્યાના નિકાલ માટે પ્રયત્નો કરવાની તથા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાઈ હોવાનું જણાવ્યું હતું. વિદ્યાર્થીઓની સુરક્ષા માટે તાત્કાલિક કાર્યવાહી જરૂરી છે.

હોસ્ટેલના છાત્રોએગભરાઈને રજૂઆત કરી તેજગઢ આદર્શ નિવાસી શાળાની હોસ્ટેલના કોરિડોરમાં આદિવાસી આગેવાનો પહોંચ્યા ત્યારે બાળકોએ તેમને ઘેરીને પોતાની મુશ્કેલીઓ સીધી રજૂ કરી હતી. જેમાં શૌચાલય એટલા ગંદા છે કે –અંદર જવાનું મન નથી થતું – પાણી માટે બહાર જવું પડે છે, બોર બંધ છે – રાત્રે લાઈટ નથી – રૂમમાં વીજવાયર ખુલ્લા લટકે છે, ડર લાગે છે – દરવાજા જ નથી – જમવાનું મેનુ પ્રમાણે મળતું નથી. આગેવાનોએ તાત્કાલિક સુધારાની માંગ કરી છે.

# બોડેલીના ઝંડ ગામે જુગારધામમાં ૪ જુગારી ઝડપાયા, રૂા.૩૦,૮૪૦નો મુદ્દામાલ જપ્ત



બોડેલી,

બોડેલીના ઝંડ ગામે એક જુગારધામ પર પોલીસે દરોડો પાડયો હતો. જંગલ વિસ્તારમાં પત્તા–પાનાનો હારજીતનો જુગાર રમતા ચાર ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રૂા. ૮,૮૪૦ અને દાવ પરના રૂા. ૫,૩૦૦ મળી કુલ રૂા. ૧૪,૧૪૦ રોકડા જપ્ત કર્યા હતા. આ ઉપરાંત, ૪ મોબાઈલ ફોન, પર પત્તા અને પાથરણું સહિત કુલ રૂા. ૩૦,૮૪૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

બોડેલી પોલીસે ઝડપાયેલા ચારેય આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તપાસમાં સામે આવ્યું છે કે, આ તમામ આરોપીઓ વડોદરા શહેરના રહેવાસી છે.

## આપની આજ.......

મેષઃ આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે. ગ્રહોમાં ફેરફારના કારણે સ્વભાવમાં થોડું ચિડિયાપણું આવી શકે છે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુનઃ આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્કઃ આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ વડીલ તરફથી આશિર્વાદમાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે.

સિંહઃ આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે. ક્રોધથી બચો, ક્યાંક જીવનસાથી સાથે વૈચારિક મતભેદો ઊભા ન થાય.

કન્યાઃ આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલાઃ ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે. જો તમે નોકરીમાં છો તો અધિકારીઓનો સહયોગ મળશે.

ધનઃ આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્ત્રોત બનશે.

મકરઃ આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભઃ આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે.

મીનઃઆજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે. નવા સુંદર વસ્ત્રો પ્રત્યેત તમારું ખેંચાણ વધશે. શક્ય છે કે શોપિંગ માટે પણ જઈ શકો છો.

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ– ૭૩૫/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬
અરજદારઃમાવી બાબુભાઈ ભારતાભાઈરહે.ઝરીબુઝર્ગ,તા.ગરબાડા, જિ.દાહોદ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી માવી બાબુભાઈ ભારતાભાઈના પુત્ર નામે માવી મિથુનભાઈ બાબુભાઈનો જન્મ તા.૦૭/૦૪/૨૦૦૫ના રોજ ગામ.ઝરીબુઝર્ગ, તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે,જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે.અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ,તા. ગરબાડા,જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૩૦/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ– ૭૩૭/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬
અરજદારઃમાવી ભારતાભાઈ ભુરાભાઈ રહે.ઝરીબુઝર્ગ,તા.ગરબાડા, જિ.દાહોદ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી માવી ભારતાભાઈ ભુરાભાઈના પુત્રીઓ નામે (૧) માવી વર્ષાબેન ભારતાભાઈનો જન્મ તા.૧૦/૦૬/૨૦૦૩ના રોજ ગામ.ઝરીબુઝર્ગ, તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે (૨) માવી સુનિબેન ભારતાભાઈનો જન્મ તા.૦૩/૦૩/૨૦૦૫ના રોજ ગામ.ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીઓનો જન્મ થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ,તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીઓના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૩૦/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૨૪૩/૨૦૨૬ તા.૨૨/૦૮/૨૦૨૬
અરજદારઃ હઠીલા કાળુભાઈ દેવચંદભાઈ રહે, ખરોદા, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ખરોદા, તા.જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી હઠીલા કાળુભાઈ દેવચંદભાઈના દાદીના નામે ભાભોર શમુડીબેન ચુનીથાભાઈ મરણ તા. ૨૧/૦૪/૧૯૮૯ ના રોજ ખરોદા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને મરણ થયેલ છે, જે અરજી અને સૌગંદના માથી જાહેર કરેલ છે. અરજદારના દાદીનું મરણ થયેલ ત્યારે અરજદાર દવારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ખરોદા, તા.જિ.દાહોદ ના જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના દાદીના મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે .જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ખરોદા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૨૨ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
–સહી–
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

તા.૨૪/૦૮/૨૦૨૬
સોમવાર

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ભાવનગર લઠ્ઠાકાંડ બાદ ગરબાડા પોલીસનો 'મેગા ક્રેકડાઉન': દારૂના અડ્ડાઓ પર ત્રાટકી પોલીસ, બુટલેગરોમાં સનાટો



ગરબાડા,

ભાવનગરમાં સર્જાયેલા ચર્ચાસ્પદ લઠ્ઠાકાંડના ઘેરા પ્રત્યાઘાત સમગ્ર રાજ્યમાં પડી રહ્યા છે. આ ઝેરી દારૂની ઘટના બાદ ગૃહ વિભાગની સૂચનાથી રાજ્યભરનું પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે, જેના ભાગરૂપે દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકામાં ગરબાડા પોલીસે ગુનાખોરી અને ગેરકાયદેસર દારૂના કાળા કારોબાર સામે લાલ આંખ કરી 'સર્જિકલ સ્ટ્રાઈક' જેવી કાર્યવાહી હાથ ધરી છે. ગરબાડા પોલીસે અલગ–અલગ વિસ્તારોમાં દરોડા પાડીને દેશી દારૂની ચાલતી ભઠ્ઠીઓ અને વિદેશી દારૂના મોટા જથ્થા પર તવાઈ બોલાવી છે.

ભાવનગરની હોનારત બાદ ઉચ્ચ અધિકારીઓના આદેશથી ગરબાડા ડીવાયએસપી એમ.કે. સ્વામી તેમજ ગરબાડા પોલીસ મથકના પી.આઈ. એસ.એમ. રાદડિયાના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસે અલગ–અલગ ટીમો બનાવીને એકસાથે અનેક વિસ્તારોમાં રેડ પાડી હતી. પોલીસે ગરબાડાના ટેકરા વિસ્તાર, ભામાંતળાય, ચંદલા, ગાંગરડી બજાર, ટૂંકી તીતર્યા, પાટાડુંગરી, સાહડા, ખારવા, પાંચવાડા તેમજ માલ મોહણીયા જેવા સંવેદનશીલ અને આંતરિયાળ વિસ્તારોમાં આક્રમક રીતે દરોડા પાડ્યા હતા.

આ મેગા ઓપરેશન દરમિયાન પોલીસે સ્થળ પરથી ધમધમતી દેશી દારૂની ૫ જેટલી ભઠ્ઠીઓને શોધી કાઢીને તેને સંપૂર્ણપણે ધ્વસ્ત કરી નાખી હતી. ભઠ્ઠીઓ પરથી મોટો લહાણ અને દારૂ બનાવવાનો સામાન પણ કબ્જે કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ગુપ્ત બાતમીના આધારે ચોક્કસ ઠેકાણાઓ પર દરોડા પાડીને ગેરકાયદેસર રાખવામાં આવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો પણ ઝડપી પાડ્યો છે.

પોલીસના આ અણધાર્યા સપાટાથી સ્થાનિક બુટલેગરો અને અસામાજીક તત્વોમાં ભારે ફફડાટ અને સનાટો વ્યાપી ગયો છે. વર્ષોથી બેફામ બનીને દારૂનો કાળો કારોબાર ચલાવતા તત્વો હવે પોલીસની ભીંસ વધતા ભૂગર્ભમાં ઉતરી ગયા છે. ગરબાડા પોલીસના આ કડક વલણથી ગુનેગારોમાં ભારે ડર જોવા મળી રહ્યો છે. પોલીસે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ વધુ ઉગ્ર બનાવવામાં આવશે અને દારૂના દૂષણને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે કોઈપણ ગુનેગારને બક્ષવામાં નહીં આવે.

## દેવગઢ બારીયામાં જુગારધામ પર એલસીબી પોલીસની રેડ

# નાની ઝરીમાં ગંજીપત્તાથી જુગાર રમતા ૮ ઝડપાયા : રૂા.૮.૬૫ લાખનો મુદ્દામાલ જપ્ત



દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા તાલુકાના નાની ઝરી ગામે પોલીસે જુગારધામ પર દરોડો પાડી ગંજીપત્તાથી હારજીતનો જુગાર રમતા ૮ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસની કાર્યવાહી દરમિયાન રોકડ રકમ, મોબાઈલ ફોન અને જુગાર રમવા માટે ઉપયોગમાં લેવાયેલા ૫ વાહનો સહિત કુલ રૂા.૮,૬૫,૮૭૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ તા. ૨૨ ઓગસ્ટની રાત્રે ૧૧:૩૦થી તા. ૨૩ ઓગસ્ટના વહેલી સવારે ૩ વાગ્યા દરમિયાન નાની ઝરી ગામે આરોપી ધનરાજસિંહ ચંપકસિંહ ઝાલાના રહેણાંક મકાનની બાજુમાં દીવાલને અડીને બનાવેલા ઢાળિયામાં જુગાર રમાતો હતો. આરોપી ધનરાજસિંહે પોતાના આર્થિક લાભ માટે અન્ય આરોપીઓને બહારથી બોલાવી ગંજીપત્તાથી હારજીતનો જુગાર રમાડતા હતા.

દરોડા દરમિયાન આરોપીઓની અંગઝડતીમાંથી રૂા.૬૫,૦૦૦, દાવ પરથી રૂા.૨૦,૫૭૦ તથા નાળના રૂા.૨૦,૦૦૦ મળી કુલ રૂા.૧,૦૫,૫૭૦ રોકડ રકમ મળી આવી હતી. ઉપરાંત ૮ મોબાઈલ ફોન કિંમત રૂા.૮૦,૦૦૦, ૧૦૪ પત્તા, જુગાર રમવા માટે ઉપયોગમાં લેવાયેલા ૫ વાહનો કિંમત રૂા.૬.૮૦ લાખ તથા ચટાઈ સહિત કુલ રૂા.૮,૬૫,૮૭૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે તમામ ૮ આરોપીઓને ઝડપી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# આમ આદમી પાર્ટી દાહોદ જીલ્લો દારૂબંધીના મુદ્દે આમ આદમી પાર્ટી દાહોદ દ્વારા વિરોધ પ્રદર્શન : ગૃહમંત્રી હર્ષ સંઘવીના રાજીનામાની માંગ



દાહોદ,

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં અનેક વિસ્તારોમાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ થતું હોવાના આક્ષેપ સાથે આમ આદમી પાર્ટી, દાહોદ જીલ્લા દ્વારા દારૂબંધીના મુદ્દે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન AAPના કાર્યકરો દ્વારા ગુજરાતમાં દારૂના ગેરકાયદેસર વેચાણ અને તેની હેરાફેરી સામે સરકારને સવાલો કરવામાં આવ્યા હતા. કાર્યકરોએ દારૂબંધીનો કડક અમલ કરો અને ગૃહમંત્રી હર્ષ સંઘવી રાજીનામું આપો જેવા સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો.

આમ આદમી પાર્ટીના આગેવાનોએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં જો ગેરકાયદેસર દારૂનું વેચાણ થઈ રહ્યું હોય તો તેની જવાબદારી સરકાર અને ગૃહ વિભાગની બને છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે સરકાર દ્વારા ગંભીરતાથી પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

AAP દ્વારા માંગ કરવામાં આવી છે કે, ગુજરાતમાં દારૂબંધીનો કડક અને અસરકારક અમલ કરવામાં આવે, ગેરકાયદેસર દારૂના વેપાર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તથા ગૃહમંત્રી હર્ષ સંઘવી પોતાની જવાબદારી સ્વીકારી રાજીનામું આપે.

વિરોધ પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટીના જીલ્લા તથા તાલુકા સ્તરના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આમ આદમી પાર્ટીના દાહોદ જીલ્લાના ગુરૂગોવિંદ લીમડી તાલુકામાં દારૂબંધીના મુદ્દે અઅડ્નું વિરોધ પ્રદર્શન વિરોધ કરી રહેલા આમ આદમી પાર્ટીના કાર્યકરોને પોલીસે ડિટેઇન કર્યા.

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલની માંગ સાથે આમ આદમી પાર્ટી દ્વારા દાહોદ ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન અઅડ્ના કાર્યકર્તાઓ દ્વારા સરકાર સામે સૂત્રોચ્ચાર કરી દારૂબંધીનો કડક અમલ કરવાની માંગ કરવામાં આવી હતી.

આ દરમિયાન પોલીસ દ્વારા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓને ડિટેઇન કરવામાં આવ્યા હતા. કાર્યકર્તાઓએ પોલીસ કાર્યવાહી છતાં દારૂબંધીના મુદ્દે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

AAP દ્વારા ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીના રાજીનામાની પણ માંગ કરવામાં આવી હતી. પાર્ટીના આગેવાનોનું કહેવું હતું કે, ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ગેરકાયદેસર દારૂના વેચાણ અંગે સરકાર જવાબદાર છે અને આ મુદ્દે સરકાર દ્વારા કડક કાર્યવાહી થવી જોઈએ.આમ આદમી પાર્ટીએ સ્પષ્ટ કર્યું હતું કે, જનહિતના મુદ્દાઓ પર તેમનો વિરોધ અને સરકારને સવાલ કરવાનો કાર્યક્રમ આગળ પણ ચાલુ રહેશે.

# ઝાલોદમાં શિયા દાઉદી વ્હોરા સમાજ દ્વારા ઈદ-એ-મિલાદનું ભવ્ય જુલુસ



ઝાલોદ,

ઝાલોદ શહેરમાં શિયા દાઉદી વ્હોરા સમાજ દ્વારા પયગંબર હઝરત મહંમદ મુસ્તફા ૯ના જન્મદિવસની ખુશીમાં ઈદ–એ–મિલાદુન્નબીના પાવન પ્રસંગે જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું.

જુલુસનો પ્રારંભ ઝાલોદ વ્હોરા મસ્જિદ, બજારથી કરવામાં આવ્યો હતો. જુલુસ શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ વડ બજાર સુધી પહોંચ્યું હતું. મોટી સંખ્યામાં સમાજના લોકો જુલુસમાં જોડાયા હતા અને ઈદ–એ–મિલાદની ખુશીની ઉજવણી કરી હતી.

જુલુસ પૂર્ણ થયા બાદ મસ્જિદ ખાતે બયાનનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં પયગંબર સાહેબના જીવન, તેમના સંદેશ અને માનવતાના માર્ગ વિશે ધાર્મિક પ્રવચન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો અને સમાજના આગેવાનો તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# માન્લી ગ્રામ પંચાયતમાં 'નળ સે જળ' યોજનાનું પાણી ન મળતાં રોષ: ગ્રામજનોએ લીમખેડા TDOને આવેદનપત્ર આપી યોજના ત્વરિત શરૂ કરવા રજૂઆત કરી



દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકામાં આવેલી માન્લી ગ્રામ પંચાયત વિસ્તારમાં સરકારશ્રીની મહત્વાકાંક્ષી 'નળ સે જળ' યોજના હેઠળ પીવાનું પાણી ન મળતાં ગ્રામજનોમાં વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે. પાણીની ગંભીર સમસ્યાથી પીડાતા ગ્રામજનોએ એકત્ર થઈ લીમખેડા તાલુકા વિકાસ અધિકારી (TDO)ને લેખિત આવેદનપત્ર સોંપીને આ યોજના વહેલી તકે ચાલુ કરવા રજૂઆત કરી છે.

રજૂઆત કરતા ગ્રામજનોએ જણાવ્યું હતું કે, માન્લી ગ્રામ પંચાયત વિસ્તારમાં 'નળ સે જળ' યોજના અંતર્ગત નળ કનેક્શન અને પાઈપલાઈનનું કામ કરવામાં આવ્યું છે, પરંતુ લાંબા સમયથી ઘરો સુધી પીવાનું પાણી પહોંચતું નથી. ઉનાળાની શરૂઆત અને દૈનિક જરૂરિયાત માટે ગામના લોકોને પીવાના પાણી માટે દૂર–દૂર સુધી ભટકવું પડે છે, જેના કારણે મહિલાઓ અને ગ્રામજનોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

ગામના અગ્રણીઓ અને ગ્રામજનો દ્વારા લીમખેડા ઝઉઘ ને આપવામાં આવેલા આવેદનપત્રમાં માંગ કરવામાં આવી છે કે, ખોરંભે પડેલી 'નળ સે જળ' યોજનાનું ટેકનિકલ નિરીક્ષણ કરી તુરંત સમારકામ કરવામાં આવે. યોજના હેઠળ બંધ પડેલો પાણીનો પુરવઠો તાત્કાલિક ધોરણે નિયમિત શરૂ કરવામાં આવે.જો ટૂંક સમયમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે, તો ગ્રામજનો દ્વારા ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.

તાલુકા વિકાસ અધિકારીએ આવેદનપત્ર સ્વીકારીને આ બાબતે સંબંધિત વિભાગ સાથે ચર્ચા કરી યોગ્ય અને ઝડપી કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

## દિકરીઓએ સ્મશાનમાં પિતાને મુખાગ્નિ આપી સમાજને નવી દિશા આપી

# લીમખેડામાં રૂઢિચુસ્ત પરંપરાઓને ફગાવીને દીકરીઓએ પિતાના અંતિમ સંસ્કાર જાતે સંપન્ન કરી સમાજને પ્રેરણારૂપ સંદેશો આપ્યો.



લીમખેડા,

લીમખેડા ખાતે તાજેતરમાં બનેલી એક હૃદયસ્પર્શી અને સમાજને નવી રાહ ચીંધતી ઘટનામાં ખેમચંદ રામા પ્રજાપતિનું આજરોજ વહેલી સવારે દુઃખદ અવસાન થયું છે. આ દુઃખદ પ્રસંગે તેમના પરિવાર અને સમગ્ર પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું છે, પરંતુ આ મુશ્કેલ ઘડીમાં તેમની દીકરીઓએ પરંપરાગત રૂઢિચુસ્ત માન્યતાઓને ફગાવીને દીકરાની જેમ પિતાની તમામ ફરજો અદા કરી સમાજ સમક્ષ એક અનુકરણીય ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

ખેમચંદ રામા પ્રજાપતિને સંતાનમાં સાત દીકરીઓ છે, જેમાં ભાવના, નીરૂ, એટી, શાંતિ, સુબી, રમીલા અને શીતલનો સમાવેશ થાય છે. પિતાના અવસાન બાદ શોકમાં ડૂબેલા આ પરિવારમાં દીકરીઓએ સાહસ અને હૂંફ દાખવીને અંતિમ સંસ્કારની તમામ વિધિઓ જાતે જ સંભાળી હતી. પરિવારની આ દીકરીઓએ સાબિત કરી દીધું કે દીકરા અને દીકરી વચ્ચે કોઈ ભેદ હોતો નથી અને સમય આવ્યે દીકરીઓ પણ પુત્ર સમાન બનીને માતા–પિતાની જવાબદારીઓ ઉત્સાહભેર નિભાવી શકે છે.

અંતિમયાત્રા દરમિયાન નીરૂ અને શાંતિએ પિતાની અર્થીને ખાંધ આપી હતી અને સ્મશાનગૃહ સુધી સાથ નિભાવ્યો હતો. આ બંને બહેનોએ સ્મશાને પહોંચીને શાસ્ત્રોક્ત વિધિ સાથે પિતાની અંતિમ વિધિ કરી હતી અને પોતાના હાથે મુખાગ્નિ આપીને પિતાને અશ્રુભીની વિદાય આપી હતી. દીકરીઓ દ્વારા સ્મશાન ભૂમિમાં જઈને પિતાને અગ્નિસંસ્કાર આપવાનું આ પગલું સમાજમાં દીકરીઓ પ્રત્યેની માનસિકતા બદલવા માટે એક પ્રેરણારૂપ દિશા પૂરી પાડે છે.

આ ઉપરાંત, દીકરી ભાવનાએ લગ્ન પછી પણ પોતાના પતિ દિનેશ સાથે પિયરમાં જ રહીને માતા–પિતાની સેવા કરવાનો અતૂટ ધર્મ નિભાવ્યો હતો. લગ્ન જીવનના બંધનમાં બંધાયા પછી પણ પિયરમાં રહીને વૃદ્ધ માતા–પિતાની સતત સેવા–સંભાળ રાખવી એ દીકરીની સમર્પિત ભાવના દર્શાવે છે. પિતાના જીવનકાળ દરમિયાન તેમની પડખે રહીને તેમની હરપળ સંભાળ રાખનાર ભાવનાની સેવા આજે સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે.

લીમખેડાના આ પ્રજાપતિ પરિવારે શોકના માહોલમાં પણ દીકરીઓના સાહસ અને સમર્પણથી એક નવો ઈતિહાસ રચ્યો છે. રૂઢિચુસ્ત પરંપરાઓને બાજુ પર મૂકીને દીકરીઓએ જે રીતે અંતિમ સંસ્કારની વિધિઓ પૂર્ણ કરી, તેણે સામાજીક સ્તરે દીકરીઓ સક્ષમ હોવાની વાત પર મહોર મારી છે. આ અનોખી ઘટનાથી સમગ્ર પંથકમાં પરિવારના સંસ્કારો અને દીકરીઓની વીરતાની પ્રશંસા થઈ રહી છે.

# ઝાલોદ કોલેજની ઈનોવેશન કલબ દ્વારા બે દિવસીય 'ઉદ્યોગ સાહસિકતા તાલીમ અને વર્કશોપ' યોજાયો

ઝાલોદ,

શ્રી કે.આર. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઝાલોદ ખાતે કોલેજના આચાર્યશ્રી ડો. એ.આર. મોદી ની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ 'વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ' નિમિત્તે કોલેજની 'ઈનોવેશન કલબ' તથા SARTHI પ્રકલ્પ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે બે દિવસીય વિશેષ તાલીમ અને વર્કશોપનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ બે દિવસીય કાર્યક્રમમાં Innodesk Designation Services, Gujarat ના ફાઉન્ડર કરમજીતસિંહ બિહોલ વિશેષ વક્તા અને ટ્રેનર તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યોગ્ય માર્ગદર્શન ઉપરાંત એક ઈન્ટરેક્ટિવ વર્કશોપ અને ટ્રેનિંગ દ્વારા વિદ્યાર્થીઓને 'Design Thinking, Critical Thinking and Innovation' વિષય પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપીને ગહન ચિંતન કરવા માટે પ્રેરીત કર્યા હતા. આ બે દિવસીય સત્ર દરમિયાન વિદ્યાર્થીઓને સર્જનાત્મક વિચારોને પ્રગટ કરવા અને વ્યવહારૂ સમસ્યાઓનું નિવારણ લાવવા માટે વિચારતા કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું ઉત્સાહભેર સંચાલન ઈનોવેશન કલબના કોઓર્ડિનેટર ડો. અનિતાબેન પાદરિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ વિશેષ તાલીમ શિબિરમાં કોલેજ પરિવારના અન્ય ઉત્સાહી અધ્યાપક મિત્રો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

ઈનોવેશન કલબના ઉપક્રમે યોજાયેલા આ બે દિવસીય સત્રના માધ્યમથી વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટઅપ, નવીન અભિગમ અને ઉદ્યોગસાહસિકતા પ્રત્યેનો રચનાત્મક તથા સકારાત્મક દ્રષ્ટિકોણ મજબૂત બન્યો હતો. આવા દીર્ઘદ્રષ્ટિવાળા આયોજનો ભવિષ્યમાં વિદ્યાર્થીઓને સ્વરોજગાર અને ઈનોવેશનના ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરવા માટે અત્યંત ઉપયોગી સાબિત થશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં

કેસ.નં.૭૩૦/૨૦૨૫ તા.૨૨/૦૮/૨૦૨૬
અરજદારઃ પરમાર શનુબેન વિછીયાભાઈરહે. ગડોઇ, તા.જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી, ગડોઇ, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી પરમાર શનુબેન વિછીયાભાઈનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૦ના રોજ ગડોઇ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ગડોઇ, તા.જિ.દાહોદના જન્મની નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ગડોઇ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૨૨ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

### જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં

કેસ.નં.૯૫૪/૨૦૨૬ તા.૨૨/૦૮/૨૦૨૬
અરજદારઃ મછાર રમણભાઈ સુરતાનભાઈરહે. રાછરડા, તા.જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી, રાછરડા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩)મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છેકે, અત્રેની કોર્ટના અરજદારશ્રી મછાર રમણભાઈ સુરતાનભાઈના પુત્રના નામે મછાર પ્રકાશભાઈ રમણભાઈનો જન્મ તા.૧૧/૧૦/૨૦૧૩ના રોજ રાછરડા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, રાછરડા, તા.જિ.દાહોદ ના જન્મની નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,રાછરડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૨૨ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

### જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં

કેસ.નં.૮૭૫/૨૦૨૬ તા.૨૨/૦૮/૨૦૨૬
અરજદારઃ મેડા નનુભાઈ જહિંગભાઈરહે. આગાવાડા, તા.જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, આગાવાડા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી મેડા નનુભાઈ જહિંગભાઈના પુત્રીના નામે મેડા જયાબેન નનુભાઈનો જન્મ તા.૨૭/૦૮/૨૦૧૪ના રોજ આગાવાડા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, આગાવાડા, તા.જિ.દાહોદ ના જન્મની નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,આગાવાડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૨૨ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

### જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં

કેસ.નં.૩૮૨/૨૦૨૬ તા.૨૨/૦૮/૨૦૨૬
અરજદાર : માલીવાડ કાંતીભાઈ ગુલાભાઈ રહે. આગાવાડા, તા.જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, આગાવાડા, તા. જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩)મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છેકે, અત્રેની કોર્ટના અરજદારશ્રી માલીવાડ કાંતીભાઈ ગુલાભાઈના પુત્ર/પુત્રીના નામે (૧) માલીવાડ આતીશભાઈ કાંતીભાઈનો જન્મ તા.૧૨/૦૧/૨૦૦૬ (૨) માલીવાડ સેજલબેન કાંતીભાઈનો જન્મ તા.૩૦/૦૮/૨૦૦૮ના રોજ આગાવાડા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્ર/પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી. આગાવાડા, તા.જિ.દાહોદના જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્ર/પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,આગાવાડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૨૨ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 30, No.03

# નવાનગરમાં વિકાસની ગ્રાન્ટના ઉપયોગ સામે સવાલો, બાંકડા મૂકાયા પરંતુ મૂળભૂત સુવિધાઓનો અભાવ





ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના નવાનગર ગામમાં વિકાસના કામોને લઈને ગ્રામજનોમાં અનેક સવાલો ઉઠ્યા છે. લોકચર્ચા મુજબ ગામમાં કરવામાં આવેલા કેટલાક વિકાસના કામો જૂના કામો ઉપર નવા લપેડા કરી બતાવવામાં આવ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. વિકાસની ગ્રાન્ટનો વપરાશ કઈ રીતે અને કયા કામોમાં કરવામાં આવ્યો તેની પારદર્શક તપાસની માંગ ઉઠી છે.

નવાનગર ગામના વિવિધ ફળિયામાં બાંકડા મૂકવામાં આવ્યા છે. ખાસ કરીને ગ્રામ પંચાયતના જર્જરિત મકાનની સામે નવાનક્કોર બાંકડા મૂકવામાં આવતા આ બાબત ગ્રામજનોમાં ચર્ચાનો વિષય બની છે. ગ્રામજનોનો સવાલ છે કે આ બાંકડા કઈ ગ્રાન્ટ માંથી મૂકવામાં આવ્યા અને તેના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

ગામના જાહેર રસ્તાઓ પર સરપંચના નામવાળા બાંકડા મૂકવામાં આવ્યા હોવાની વાતને લઈને પણ લોકોમાં ચર્ચા છે. ગ્રામજનોમાં એવી ટકોર થઈ રહી છે કે ગામમાં બાંકડા તો નવા જોવા મળે છે, પરંતુ અન્ય મૂળભૂત વિકાસના કામો ક્યાં છે?

લોકચર્ચા મુજબ સરપંચ દ્વારા બાંકડા બનાવવાની કામગીરી સાથે સંકળાયેલા હોવાની પણ ચર્ચા છે. જો આવું હોય તો સરકારી ગ્રાન્ટમાંથી કરવામાં આવતી ખરીદી અને કામગીરીમાં હિતસંઘર્ષ થયો છે કે કેમ તે તપાસનો વિષય બની શકે છે. બાંકડા બનાવવાની કોઈ મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિ હોય તો તેની જરૂરી પરવાનગીઓ, ઋૃજીઝ નોંધણી તથા પંચાયત દ્વારા કરવામાં આવેલી ખરીદીની પ્રક્રિયા નિયમસર થઈ છે કે કેમ તેની પણ તપાસ થવી જરૂરી હોવાનું ગ્રામજનોનું કહેવું છે.

બીજી તરફ, ગ્રામ પંચાયતનું મકાન જર્જરિત હાલતમાં જોવા મળે છે અને તેની આસપાસ ઉકરડા હોવાની પણ ફરિયાદો ઉઠી રહી છે. એક તરફ પંચાયતનું મકાન અને ગામની અન્ય સુવિધાઓની સ્થિતિ સામે સવાલો છે, તો બીજી તરફ નવા બાંકડાઓ પાછળ કરવામાં આવેલા ખર્ચને લઈને લોકોમાં અનેક ચર્ચાઓ ચાલી રહી છે.

જૂના વિકાસના કામોને નવા કામ તરીકે દર્શાવવામાં આવ્યા છે કે કેમ, કઈ ગ્રાન્ટમાંથી કેટલો ખર્ચ થયો, બાંકડાની ખરીદી કોની પાસેથી કરવામાં આવી અને સમગ્ર કામગીરીમાં નિયમોનું પાલન થયું છે કે નહીંતે અંગે તટસ્થ તપાસ થાય તો હકીકત બહાર આવી શકે છે.

ગ્રામજનોની માંગ છે કે, સંબંધિત ઉચ્ચ અધિકારીઓ દ્વારા નવાનગર ગ્રામ પંચાયતના વિકાસના કામોની સ્થળ તપાસ તેમજ ગ્રાન્ટના ખર્ચના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે અને જો કોઈ ગેરરીતિ જણાય તો જવાબદારો સામે નિયમસર કાર્યવાહી કરવામાં આવે. હાલ સમગ્ર મામલે ગ્રામજનોની ફરિયાદો અને લોકચર્ચા વચ્ચે તંત્રની સત્તાવાર તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે.

# કાલોલ તાલુકામાં ખનીજ માફિયાઓ પર તવાઈ
## પ્રાંત અધિકારી અને મામલતદાર અને ખનીજ વિભાગ ની સંયુક્ત ટીમનો સપાટો, અંદાજિત ૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત

કાલોલ,

ગોધરાના પ્રાંત અધિકારી અને નાયબ કલેક્ટર તથા કાલોલ મામલતદાર વિકાસ પટેલ તેમજ ખનીજ વિભાગની સંયુક્ત ટીમ દ્વારા ખનીજ માફિયાઓ વિરુદ્ધ સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. વિવિધ સ્થળોએ ઓચિંતા દરોડા પાડીને તંત્ર દ્વારા ગેરકાયદેસર ખનન કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ ખાણ-ખનીજ વિભાગ અને કાલોલ મામલતદાર દ્વારા સ્થળ પર તપાસ હાથ ધરીને અંદાજિત ૧૫ લાખ રૂપિયા જેટલો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

સગનપુરા ગામે ગૌચરની જમીનમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગે દરોડા પાડવામાં આવ્યા હતા, જ્યાં સ્થળ પરથી રેતી અને ડમ્પરો પકડવામાં આવ્યા છે.ગામના સર્વે નં. ૨૦૭૪ વાળી સરકાર હસ્તકની જમીનમાં ખાણ-ખનીજ ખાતાની કોઈપણ જાતની મંજૂરી લીધા વિના ગેરકાયદેસર રીતે રેતી કાઢવાની પ્રવૃત્તિ ચાલતી હોવાનું ધ્યાને આવતા તાત્કાલિક જપ્તીની કાર્યવાહી કરાઈ હતી. વેજલપુર ખાતે સર્વે નંબર ૨૦૭૮ ખેતી લાયક જમીન ફારૂક એહમદ અબ્દુલ સતાર પાડવા નામના વ્યક્તિએ કોઈ પણ પ્રકારની



પરવાનગી વગર રેતીનો સ્ટોક કરી વેચાણ કરતો હોય તમામ સ્ટોક સીઝ કરવામાં આવ્યો હતો.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સગનપુરા ગામમાં ગૌચરની જમીનમાં , વિષ્ણુ ઉર્ફે બડો અને ગીરીશભાઈ શાહ અને વિષ્ણુભાઈ દ્વારા દબાણ કરવામાં આવ્યું હોવાનું ખુલ્યું છે, જેમના વિરુદ્ધ આગામી સમયમાં આકરી કાર્યવાહી કરવામાં આવનાર છે.

ઘુસર ગામે ગેરકાયદે માટી ખનન પર કાર્યવાહી

ઘુસર ગામે ડુંગરાળ વિસ્તારમાં આવેલી જમીન હુસેના ઈબ્રાહિમ અને અન્ય વ્યક્તિઓના નામે ચાલતી સર્વે નં. ૩૦૨, ૩૦૧, ૨૯૪, ૨૯૮, ૨૯૩ અને ૨૮૬,૩૦૪ વાળી જમીનોમાં તપાસ હાથ ધરાઈ હતી.જમીન ભાડે આપી ,આ જમીનોમાં માટી ઉપાડવા કે રેતી કાઢવાની કોઈ પરવાનગી વગર ગેરકાયદેસર ખનન થતું હોવાનું માલૂમ પડ્યું હતું.કેટલીક જગ્યાએ બિનખેતી (ગઅ) પરવાનગી મેળવેલ હોવા છતાં, તથા અન્ય જમીનોમાં કોઈપણ મંજૂરી વગર માટીનું ખનન કરી ઉપયોગમાં લેવાતી હોવાનું જણાયું હતું.

વધુમાં, ખેતીની જમીનમાંથી માટીનું ખનન કરીને તેનું બારોબાર વેચાણ કરતા તત્વો સામે દંડ ફટકારવાની તેમજ શરત ભંગની કાર્યવાહી પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

# શહેરાના મોરવા રેણા ખાતે સમરસતા સંકલ્પ કળશ યાત્રાનું ભવ્ય સમાપન : ગામમાં ભક્તિમય માહોલ સર્જાયો

શહેરા,

શહેરા તાલુકાના મોરવા ખાતે સંત શિરોમણી શ્રી ગુરૂ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મ જયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજીત સમરસતા સંકલ્પ કળશ યાત્રાનું ઉત્સાહભેર ભવ્ય સમાપન કરવામાં આવ્યું હતું. સમાજમાં એકતા, સમરસતા અને સૌહાર્દનો સંદેશ આપવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે યોજાયેલી આ યાત્રાથી સમગ્ર વિસ્તાર ભક્તિમય બની ગયો હતો.



શહેરા તાલુકામાં સંત શિરોમણી શ્રી ગુરૂ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મ જયંતી વર્ષની ઉજવણી ભારતીય જનતા પાર્ટી દ્વારાકરવામાં આવી હતી.કાશી વારાણસીથી પધારેલ પવિત્ર કળશની શોભાયાત્રાનું મોરવા રેણા ગામના જોધલપીર મંદિરથી મંગળ પ્રસ્થાન થયું હતું. ડી.જે.ના તાલે રોહિત સમાજના આગેવાનો દ્વારા જોરદાર સ્વાગત સાથે યાત્રા રોહિત ફળિયા થઈને બજારમાં આવી પહોંચી હતી. જ્યાં પટેલ સમાજ અને બારીયા સમાજના આગેવાનો દ્વારા પણ કળશનું પુષ્પોથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે ગામના જોધલપીર મંદિર પાસે આવેલા સંત રોહીદાસ મંદિર ખાતે કળશયાત્રાનુ સમાપન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ વિક્રમભાઈ પગી, ન્યાય સમિતિ ચેરમેન હસમુખભાઈ વણકર, તરસંગ તાલુકા પંચાયત સદસ્ય અરવિંદભાઈ સોલંકી, મહેશભાઈ સોલંકી, તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ ગજેન્દ્રભાઈ પગી, નટુભાઈ પટેલ કિરીટભાઈ બારીઆ સહિતના વિવિધ પદાધિકારીઓ, પક્ષના આગેવાનો, કાર્યકર્તાઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર યાત્રા દરમિયાન ''સંત રોહીદાસ મહારાજ કી જય''ના નારાઓથી મોરવા ગામ ગુંજી ઉઠ્યું હતું.

# વેજલપુરના બુટલેગર પ્રકાશ ઉર્ફે ભચલુ સામે પાસા હેઠળ કાર્યવાહી : જામનગર જેલ હવાલે કરાયો

કાલોલ,

જીલ્લામાં દારૂની અસામાજીક પ્રવૃત્તિઓ નાબૂદ કરવા અને પ્રોહિબિશનના ગુનાઓમાં સંડાવાયેલા લિસ્ટેડ બુટલેગરો સામે કડક કાર્યવાહી કરવાના ભાગરૂપે વેજલપુર પોલીસે મોટો પ્રહાર કર્યો છે. પોલીસે આ વિસ્તારના લિસ્ટેડ બુટલેગર પ્રકાશકુમાર ઉર્ફે ભચલુ ગણપતભાઈ પટેલની પાસા (PASA) હેઠળ અટકાયત કરી જામનગર જીલ્લા જેલ ખાતે મોકલી આપ્યો છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વેજલપુર નાયક સોસાયટીમાં રહેતા ૨૮ વર્ષીય પ્રકાશકુમાર ઉર્ફે ભચલુ પટેલ વિરૂદ્ધ વેજલપુર પોલીસ સ્ટેશન, ગોધરા ટાઉન એ-ડિવિઝન પોલીસ સ્ટેશન તથા કાંકણપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના કુલ ૦૪ ગુનાઓ નોંધાયેલા હતા.



ઉચ્ચ પોલીસ અધિકારીઓ ના માર્ગદર્શન હેઠળ વેજલપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જી.કે. વહુનિયા દ્વારા આરોપી વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજીસ્ટ્રેટ ગોધરાને મોકલવામાં આવી હતી. જીલ્લા મેજીસ્ટ્રેટ અજય દહિયાએ દરખાસ્તને મંજૂરી આપી આરોપીને પાસા હેઠળ અટકાયત કરી જામનગર જેલ મોકલવાનો હુકમ કર્યો હતો.જે બાદ બાતમીના આધારે વેજલપુર પોલીસે આરોપીની અટકાયત કરી તેને જામનગર જેલમાં મોકલી આપવાની તજવીજ હાથ ધરી છે.

# પંચમહાલના ચંચોપા અને વાઘજીપુરમાં કુમકુમ મંદિરના સંતોના સાંનિધ્યે સત્સંગ સભા યોજાશે

ગોધરા,

સદ્ગુરૂ શાસ્ત્રી શ્રી આનંદપ્રિયદાસજી સ્વામી સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મંદિર - કુમકુમ, મણિનગર (અમદાવાદ)ના સંતો પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકામાં આવેલ ચંચોપા અને વાઘજીપુર ગામ ખાતે તા. ૨૪ ઓગસ્ટના રોજ સત્સંગ પ્રચાર અર્થે પધારશે. કુમકુમ મંદિરના શાસ્ત્રી શ્રી હરિકૃષ્ણસ્વરૂપદાસજી સ્વામી અને મોટિવેશનલ સ્પીકર તેમજ સંપ્રદાયના સુપ્રસિદ્ધ લેખક શ્રી પ્રેમવત્સલદાસજી સ્વામી આ પ્રવાસ દરમિયાન વિવિધ ગામોમાં મહાપૂજા, પધરામણી, શ્રી અબજી બાપાશ્રીની વાતોની પારાયણ તથા કીર્તનભક્તિનો લાભ ભક્તોને આપશે.

કાર્યક્રમની વિગત મુજબ, ચંચોપા ગામ ખાતે સવારે ૧૦:૩૦ થી ૧:૦૦ વાગ્યા દરમિયાન અને શ્રી સ્વામિનારાયણ મંદિર કુમકુમ - વાઘજીપુર ખાતે સાંજે ૭:૦૦ થી ૯:૦૦ વાગ્યા દરમિયાન ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું છે.પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે જીવનમાં ભક્તિ અને સત્સંગના મહિમા અંગે શ્રી પ્રેમવત્સલદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, ''માનવ જીવનમાં સાચો આનંદ, આંતરિક શાંતિ અને સદ્ગુણોનું સિંચન માત્ર સત્સંગ દ્વારા જ શક્ય બને છે. જેમ અન્નથી શરીરનું પોષણ થાય છે, તેમ નિયમિત સત્સંગ અને પ્રભુભક્તિથી આત્મા બળવાન બને છે. આજના તણાવભર્યા અને ભાગદોડવાળા યુગમાં સત્સંગ એ મનને સ્થિર રાખવાની શ્રેષ્ઠ ઔષધિ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ કરવાથી જીવનના તમામ કષ્ટો અને નકારાત્મક વિચારો દૂર થાય છે તથા સદાચાર, પ્રેમ અને પારિવારિક એકતાની ભાવના દ્રઢ બને છે. શ્રાવણ માસ જેવા પવિત્ર દિવસોમાં પ્રભુના ગુણગાન અને સંતોના સાન્નિધ્યથી મનુષ્યનું જીવન દિવ્ય અને સાર્થક બને છે.''

આ સત્સંગ સભામાં પંચમહાલ જીલ્લાના વિવિધ ગામોના હરિભક્તો મોટી સંખ્યામાં લાભ લેશે. સૌને લાભ લેવા નમ્ર નિવેદન છે.

# ગોધરામાં LCB અને SOG એ ચોરીની બાઈક સાથે એકને ઝડપ્યો : એક રાયોટિંગનો વોન્ટેડ આરોપી પકડાયો



ગોધરા,

પંચમહાલ પોલીસે મિલકત સંબંધિત ગુનાઓ અને નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે. આ અંતર્ગત ગોધરામાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પોલીસે અલગ-અલગ કાર્યવાહી કરીને બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.

લોકલ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, ગોધરાના કળશ સર્કલ પાસે એક વ્યકિત શંકાસ્પદ મોટરસાયકલ સાથે ઊભો છે અને તેને વેચવા માટે ગ્રાહકની શોધમાં છે. આ બાતમીના આધારે LCB ટીમે કળશ સર્કલ પાસે વોચ ગોઠવી મોટરસાયકલ સાથે એક વ્યક્તિને ઝડપી પાડ્યો હતો.

પકડાયેલા આરોપીની ઓળખ રીતેશ લક્ષ્મીકાંત ગુપ્તા તરીકે થઈ છે. તેની પાસેથી HF Deluxe મોટર સાયકલ નંબર GJ-17-BL-5587, જેની કિંમત આશરે રૂ.૧૫ હજાર છે, તે કબજે કરવામાં આવી છે. મોટરસાયકલ અંગે કોઈ આધાર-પુરાવા રજૂ ન કરી શકતા પોલીસે તેની પૂછપરછ હાથ ધરી હતી.

પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી હતી કે, તેણે ૧૯ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ગોધરા-લુણાવાડા રોડ પર આવેલી પંચામૃત ડેરીના પાર્કિંગ માંથી બપોરના સમયે આ મોટરસાયકલની ચોરી કરી હતી. આ સાથે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મોટરસાયકલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો છે.બીજી તરફ, પંચમહાલ SOG પોલીસે પણ નાસતા ફરતા આરોપીઓ સામે કાર્યવાહી કરી છે. SOGને બાતમી મળી હતી કે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચર્ચાસ્પદ રાયોટિંગના ગુનામાં વોન્ટેડ મોહસીન તૈયબ ચરખા, રહે. મોહંમદી મહોલ્લા, ગોધરા, હાલમાં પોલન બજાર ઉર્દૂ સ્કૂલ પાસે હાજર છે.

બાતમીના આધારે SOG ટીમે પોલન બજાર ઉર્દૂ સ્કૂલ નજીકથી મોહસીન તૈયબ ચરખાને ઝડપી પાડ્યો હતો. આરોપીને વધુ કાયદેસરની કાર્યવાહી માટે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો છે.

આમ, ગોધરામાં LCB અને SOGની અલગ-અલગ કાર્યવાહીમાં ચોરીની મોટરસાયકલ સાથે એક આરોપી અને રાયોટિંગના ગુનામાં વોન્ટેડ અન્ય એક આરોપી ઝડપાતા પોલીસની કામગીરી સામે આવી છે.

# શહેરા તાલુકાના ભદ્રાલા ગામે આકસ્મિક આગની ઘટનામાં પરિવારનું ઘર બળી ખાખ થઈ જતા સમસ્ત ક્ષત્રિય દરબાર સમાજ પીડિત પરિવારની વ્હારે આવ્યો



શહેરા,

શહેરા તાલુકાના ભદ્રાલા ગામે થોડા દિવસો પૂર્વે બનેલી આકસ્મિક આગની ઘટનામાં એક પરિવારનું ઘર બળીને ખાખ થઈ ગયું હતું. આ મુશ્કેલ સમયમાં સામાજીક ઉત્તરદાયિત્વ નિભાવીને સમસ્ત ક્ષત્રિય દરબાર સમાજ પીડિત પરિવારની વ્હારે આવ્યો હતો. સમાજ દ્વારા અગ્નિપીડિત પરિવારને નવેસરથી જીવન શરૂ કરવા માટે રૂ.૨૧,૦૦૦/- ની રોકડ આર્થિક સહાય તેમજ કરિયાણાની રાશન કીટ અર્પણ કરવામાં આવી હતી. આ સાંત્વના અને સહાય વિતરણ કાર્યક્રમમાં સમસ્ત ક્ષત્રિય દરબાર સમાજના પ્રમુખ ઉપેન્દ્રસિંહ ઠાકોર ઉપરાંત સંગઠનના અગ્રણીઓ, તાલુકા કક્ષાના કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પીડિત પરિવારને દિલસોજી પાઠવી મુશ્કેલીના સમયમાં સમાજ તેમની સાથે હોવાની ખાતરી આપી હતી.

# કાલોલ રામદેવ રેસ્ટોરન્ટ ખાતે પરપ્રાંતીય કામદારની બિનનોંધણી બદલ જાહેરનામા ભંગની ફરિયાદ દાખલ

કાલોલ,

કાલોલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ રામદેવ રેસ્ટોરન્ટમાં બહારના રાજ્યના કામદારને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવ્યા વિના રાખવા બદલ ફરિયાદ નોંધાઈ છે.

એ સ . ઓ . જી . શાખા, ગોધરા પંચમહાલ ના પી.એસ.આઈ. પોલીસ સ્ટાફ સાથે કાલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે કાલોલ-ગોધરા રોડ પર આવેલ રામદેવ રેસ્ટોરન્ટમાં તપાસ દરમિયાન કુમ્પેશકુમાર નારાયણલાલ મેઘવાલ મૂળ રહે. મેઘવાલવાસ, ધાણા, જાલોર-રાજસ્થાન, હાલ રહે નવાપુરા સોસાયટી, કાલોલ નામનો ઈસમ કામદાર તરીકે કામ કરતો મળી આવ્યો હતો.તપાસમાં જાણવા મળ્યું કે રેસ્ટોરન્ટના માલિક પોકારરામ માણેકરામ મેઘવાલ મૂળ રહે. મેઘવાલવાસ, રાતડી, બાડમેર-રાજસ્થાન હાલ રહે નવાપુરા સોસાયટી, કાલોલ છેલ્લા આઠ મહિનાથી આ કામદારને માસિક રૂા.૧૨,૦૦૦/- પગારે નોકરીએ રાખેલ છે, પરંતુ તેની સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કોઈ નોંધણી કરાવવામાં આવી ન હતી, તેમજ કામદારનું આધારકાર્ડ કે અન્ય કોઈ ઓળખપત્ર પણ મેળવવામાં આવ્યું ન હતું. જે બાબતે જીલ્લા મેજીસ્ટ્રેટ ના જાહેરનામા ભંગ ની ફરિયાદ કાલોલ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૮૯૧/૨૦૨૬ તા.૨૨/૦૮/૨૦૨૬

અરજદારઃ બબેરીયા મુકેશભાઇ જાલમાભાઇ રહે. રાછરડા, તા.જિ.દાહોદ

વિરુધ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, રાછરડા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી બબેરીયા મુકેશભાઇ જાલમાભાઈના પુત્રના નામે બબેરીયા ક્રિષ્ણાભાઇ મુકેશભાઇનો જન્મ તા.૨૮/૧૧/૨૦૧૬ના રોજ રાછરડા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, રાછરડા, તા.જિ.દાહોદ ના જન્મની નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,રાછરડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૨૨ માંહે : ઓગર્સ્ટ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

-સહી-

(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૨૫૨/૨૦૨૬ તા.૨૨/૦૮/૨૦૨૬

અરજદારઃ ડામોર રતનાભાઈ ચેનીયાભાઇ રહે. મોટીખરજ, તા.જિ.દાહોદ

વિરુધ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, મોટીખરજ, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ડામોર રતનાભાઈ ચેનીયાભાઇના પિતાના નામે ડામોર ચેનીયાભાઈ ચીસ્કાભાઈનું મરણ તા.૨૨/૦૫/૧૯૮૯ ના રોજ મોટીખરજ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને મરણ થયેલ છે, જે અરજી અને સોગંદના માથી જાહેર કરેલ છે. અરજદારના પિતાનું મરણ થયેલ ત્યારે અરજદાર દ્વારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, મોટીખરજ, તા.જિ.દાહોદ ના જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પિતાના મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,મોટીખરજ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૨૨ માંહે : ઓગર્સ્ટ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

-સહી-

(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૨૪૮/૨૦૨૬ તા.૨૨/૦૮/૨૦૨૬

અરજદારઃ માવી કરણભાઇ સગજીભાઈરહે. ગુંદીખેડા, તા.જિ.દાહોદ

વિરુધ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ગુંદીખેડા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી માવી કરણભાઇ સગજીભાઈના દાદાના નામે માવી લાલસીંગભાઈ કલાભાઈનું મરણ તા.૩૦/૦૪/૧૯૬૮ના રોજ ગુંદીખેડા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારના દાદાનું મરણ થયેલ ત્યારે અરજદાર દ્વારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ગુંદીખેડા, તા.જિ.દાહોદના મરણની નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના દાદાના મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩ (૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ગુંદીખેડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૨૨ માંહે : ઓગર્સ્ટ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

-સહી-

(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૧૭૯/૨૦૨૬ તા.૨૨/૦૮/૨૦૨૬

અરજદારઃ પરમાર બાબુભાઇ નરસિંગભાઈરહે. બ્રહમખેડા, તા.જિ.દાહોદ

વિરુધ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, બ્રહમખેડા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી પરમાર બાબુભાઈ નરસિંગભાઈના દાદાના નામે પરમાર સિંગજીભાઈ વીરીયાભાઈનું મરણ તા.૦૭/૦૮/૨૦૦૭ રોજ બ્રહમખેડા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના દાદાનું મરણ થયેલ ત્યારે અરજદાર દ્વારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, બ્રહમખેડા, તા.જિ.દાહોદના જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના દાદાના મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,બ્રહમખેડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૨૨ માંહે : ઓગર્સ્ટ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

-સહી-

(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ